# મહેસાણામાં ગુજરાત પરિવર્તન પાર્ટીની જાહેરસભા યોજાઈ

મહેસાણા, તા. ૧૨

રાજયના પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલે ગાંધીનગરથી ઉત્તર ગુજરાતમાં પરિવર્તન યાત્રાનો પ્રારંભ કર્યો હતો. જેના પગલે ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલના નેતૃત્વમાં પાર્ટીના આગેવાનો કાર્યકરો દ્વારા મહેસાણા ખાતે મોઢેરા રોડ પરના પાર્ટી પ્લોટમાં જાહેરસભા યોજાઈ હતી. સભાને સંબોધતાં પૂર્વ મુખ્યમંત્રી પટેલે રાજ્યમાં ભાજપ સરકારની નીતિ રીતિઓ, એક હથ્થુ શાસનની આકરા શબ્દોમાં ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, વર્તમાન શાસનમાં પ્રજા ભારે પરેશાન છે. પ્રજાના દુઃખ દર્દની કંઈ પડી નથી. ફક્ત વિકાસના નામે બણગાં ફુંકી લોકોને ગુમરાહ કરવામાં આવે છે પરંતુ પ્રજા હવે ભરમાય તેમ નથી. ગુજરાત પરિવર્તન પાર્ટીના અગ્રણી ગોરધનભાઈ ઝડફીયાએ પણ રાજ્યમાં પ્રજાના નાણાંના થઈ રહેલ વ્યય, પેટ્રોલિયમ પેદાશો ઉપરના વેટ સંદર્ભે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી.

આ પ્રસંગે જી.પી.પી.ના અન્ય હોદ્દેદારો, મહેસાણાના પૂર્વ સાંસદ ડૉ. એ.કે. પટેલ, પાર્ટીના જિલ્લા એકમના હોદ્દેદારો, કાર્યકરો તેમજ જિલ્લાના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન મહેસાણા શહેરમાં ગુજરાત પરિવર્તન પાર્ટીની સભા અંગે જાહેર રાજમાર્ગો પર બેનરો, તોરણ લગાવેલ હોઈ જિલ્લા કલેક્ટરને થયેલ રજૂઆતને લઈને પાર્ટી વિરૂદ્ધ શહેરના બી. ડીવીઝન પોલીસમથકે આચારસંહિતાના ભંગ બદલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.



પાટણ જિલ્લા માહિતી કચેરી ખાતે આજે બપોરે પત્રકાર પરિષદ યોજીને મિડીયા સેન્ટરનું ઉદ્ઘાટન પાટણ કલેક્ટર જે.જી. હિંગળાજીયાએ કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પત્રકાર ભાઈઓ-બહેનો તેમજ અધિકારીગણ ઉપસ્થિત રહ્યો હતો. (તસવીર : જેણુભા વાઘેલા, પાટણ)

## પુંધરાની સગીરાને લગ્નની લાલચ આપી વિજાપુરનો યુવક ભગાડી જતા ફરિયાદ

માણસા પાસે આવેલા પુંધરા ગામની સગીરાને વિજાપુરનો યુવક લગ્નની લાલચે બદકર્મ કરવાના ઈરાદે ભગાડી જતા સગીરાના પરિવારજનોએ ભારે શોધખોળ બાદ માણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સગીરાની શોધખોળ હાથ ધરી છે.

માણસા તાલુકાના પુંધરા ગામે રહેતા શ્રમજીવી પરિવારની એક સગીરા ગત પહેલી તારીખે સાંજે પાંચ વાગ્યાના સુમારે ગુમ થઈ હતી જે બાબતે સગીરાના પરિવારજનોએ આસપાસ તથા સગા સંબંધીઓને ત્યાં તપાસ બાદ આખરે માણસા પોલીસ મથકમાં જાણવા જોગ નોંધાઈ હતી. બાદમાં દશ દિવસ પછી સગીરાના પરિવારજનોને જાણ થઈ હતી કે વિજાપુરના વોરવાડ ખાતે રહેતો મક્કી અબ્દુલ અજીક વોરા નામનો યુવક લગ્નની લાલચ આપી બદકર્મ કરવાના ઈરાદે ભગાડી ગયો છે. આથી તેઓએ તાત્કાલિક માણસા પોલીસ મથકે આવી સગીરાને ભગાડી જનાર શખ્સ વિરુધ્ધ ફરિયાદ.

# ઉંઝા પાસે બ્રાહ્મણવાડા ગામે ફેક્ટરીમાંથી ૪ લાખનો લોખંડના માલસામાનની ચોરી

ઊંઝા, તા. ૧૨

ઊંઝા-સિદ્ધપુર વચ્ચેના બ્રાહ્મણવાડા ગામે હાઈવે પર આવેલ એક ફેક્ટરીમાં રાત્રીના સમયે તસ્કરોએ ત્રાટકી અંદરથી ૪,૧૯,૩૦૦ની કિંમતની મત્તા લોખંડના માલ સામાનની ચોરી કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં ફેક્ટરીઓના સંચાલકો અનેક લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે હાઈવે પર સિદ્ધપુર ખાતે રહેતા ચતુરભાઈ ગણેશભાઈ પટેલ અને તેમના ભાઈની ભાગીદારીવાળી ગણેશ એગ્રો એન્જીનિયરીંગ વર્કસ નામની ફેક્ટરી આવેલ છે. જેમાં ઓઈલ મીલની મશીનરી, લેથ, વેલ્ડીંગ અને ફેબ્રીકેશનને લગતું કામ કરાય છે.

આ ફેક્ટરમાં રાતના સમયે કોઈક તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ ફેક્ટરીના પાછળના દરવાજાના નકૂચા અને કમ્પાઉન્ડવોલની ફેન્સિંગ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને અંદરથી મશીનરીને લગતા સ્પેરપાર્ટસ તેમજ અન્ય લોખંડના કિંમતી માલ સામાનની ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૪,૧૯,૩૦૦ થવા જાય છે. ફેક્ટરીના પાછળના ભાગે ફોરવ્હીલ વાહનના વ્હીલમાર્ક જણાયેલા નજરે પડ્યા હતા. જેથી તસ્કરો વાહન લઈને આવ્યા હોવાનું અને ચોરીનો સામાન વાહનમાં નાંખીને લઈ ગયા હોવાનું અનુમાન થઈ રહ્યું છે.

ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની નિષ્ક્રિયતાને લીધે છેલ્લા ઘણા વખતથી ઘરફોડચોરીઓ, વાહનચોરીઓ તેમજ અન્ય ચોરીઓનો ઉપદ્રવ ખૂબ વધી ગયેલ છે. મિલકત વિરૂદ્ધના વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેમજ આવા ગુનાઓના ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં લોકો અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે. આ વિસ્તારમાં ગુનાખોરીનો આંક દિનપ્રતિદિન વધતો જાય છે. વધતી જતી ગુનાખોરી તથા સમાજ વિરોધી બદીઓને નિયંત્રણમાં લેવા માટે પોલીસતંત્ર તરફથી કોઈ જ અસરકારક કડક પગલાં ભરાતાં નથી આથી ગુનેગારોને ફાવટ આવી ગઈ છે.

ગત તા. ૮ ઓક્ટોબરની રાત્રે બ્રાહ્મણવાડા હાઈવે પર આવેલ ગણેશ એગ્રો એન્જી. વર્કસમાં અંદાજે રૂપિયા ૯ લાખ ઉપરાંતની કિંમતની મત્તાના લોખંડના વિવિધ સ્પેરપાર્ટસ અન્ય માલસામાનની ચોરી થયાનો બનાવ બન્યો હતો. જાણવા મળ્યા મુજબ સવારના સમયે ફેક્ટરી માલીક ફેક્ટરીએ ગયા હતા ત્યારે ફેક્ટરીમાંથી માલસામાનની ચોરી થયાનું જણાયું હતું. જેથી તેઓ ફરિયાદ નોંધાવવા માટે ઊંઝા પોલીસ મથકે ગયા હતા. પરંતુ કહે છે કે, પોલીસે આ ગંભીર પ્રકારના ગુનાની ફરીયાદ નોંધી ન હતી. અને ત્રણ દિવસ બાદ ૧૧મી ઓક્ટોબરના રોજ ચોરીની ફરીયાદ દાખલ થઈ હતી. જેમાં ચોરાયેલ મુદ્દામાલની કિંમત પણ ઓછી દર્શાવવામાં આવી હોવાનું કહેવાય છે.

આ બાબતે મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાની ફરીયાદ સમયસર નહી નોંધનાર જવાબદાર અધિકારી સામે ખાતાકીય રાહે કડક પગલાં ભરાય તે જરૂરી છે.

# ડીસામાં જમીનના ખોટા કરાર કરી નાણાં ઉપાડવાના મામલે બેન્ક સહિત અગીયાર સામે ફરીયાદ

ડીસા, તા. ૧૨

ડીસા શહેરમાં બોગસ સહીઓ દ્વારા જમીનના કરાર કરી ખોટા ચેક વડે નાણાં ઉપાડવાના ગુનાહીત કાવતરા રચનાર ડીસાના દસ ઈસમો અને ધી નાગરિક સહકારી બેંક વિરૂદ્ધ ડીસા શહેર પોલીસમથકમાં ફરીયાદ દાખલ થવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા તાલુકાના ઝેરડા ગામના પરબતભાઈ ડાહ્યાભાઈ રબારીની ખેતીની જમીન આવેલી છે. આ જમીનના ખોટી સહીથી કરારો અને બાનાકત કરી પાલનપુર અને ડીસા ખાતે નોટરી કરાવી ધી ડીસા નાગરિક સહકારી બેન્કમાંથી જમીન પર નાણા ઉપાડી એકબીજાની મદદગારી કરી ગુનો આચર્યો હતો. આ બાબતે હરેશ જયંતિ ઠક્કર, વસંત બારોટ, જાકીર શેખ, ઝુલ્ફી એમ. ચાવડા, એસ.એમ. ઠક્કર, વિજય મફતલાલ ભૂનેશા, ડાહ્યાભાઈ નારણભાઈ દેસાઈ, આઈ.એસ. ધાસુરા, શરીફખાન એમ. ઘોરી, એન.એચ. ધાસુરા અને ધી ડીસા સહકારી બેન્ક વિરૂદ્ધ પરબતભાઈ ડાહ્યાભાઈ રબારીએ ડીસા શહેર પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૨૦, ૧૧૨ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં ખુલ્લી વીજ ડીપીઓ હોનારત સર્જે તે પૂર્વે તંત્ર જાગશે ???




પાલનપુર, તા. ૧૨

પાલનપુર શહેરમાં અનેક જાહેર અને આંતરીક વિસ્તારોમાં વીજળીની અનેક ડીપીઓ ખુલ્લી પડેલી છે. વિજ ડીપીના દરવાજા ખુલ્લા હોવાથી હેવી વિજ લાઈન ડીપીના ફયૂઝો નજીક ગાયો કચરાની અંદર ખોરાક શોધવા જાય છે અને વાહનચાલકોના ટુ વ્હીલરો પણ નજીકમાં લોકો મુકતા હોવાથી અને ઘણીવાર તો ડીપીમાં ધડાકો કે સ્પારકીંગ થતા તણખા ખરતા મોટો અકસ્માત થવાનો ભય રહેલો છે. શહેરની મોટાભાગની વિજ ડીપીઓને ફેન્સીંગ કરી સુરક્ષીત નેટ વડે કરાઈ નથી. તેને કારણે નિર્દોષ પશુઓ ગાય અને શહેરીજનો કે ગ્રામ્ય વિસ્તારના લોકો વિજ કરંટનો ભોગ બને તે પહેલાં ઉત્તર ગુજરાત વિજ કંપનીના અધિકારીઓ સ્ટાફ સક્રીય બની જરૂરી કાર્યવાહી હાથ ધરી શહેરીજનો, નિર્દોષ પશુઓને મોતના મુખમાં ધકેલાતા બચાવી લે. વિજ ડીપી અંગે વિગતો પુછતાં સીટી સબડીવીઝન રેલવે લાઈનથી પૂર્વ તરફના વિસ્તારના યુજીવીસીએલના અધિકારી બી.એસ. વાઘેલાએ જણાવેલ કે રેલવે લાઈનથી પુર્વ વિભાગની ૧૮૧ વિજ ડીપીઓ આવેલ છે. તેમાં ફેન્સીંગ કરેલી કેટલી ડીપીઓ છે ? તેમ પુછતા તેમણે કોઈ ચોક્કસ આંકડો આપ્યો ન હતો. તેઓ ફિલ્ડમાં હોવાનું ટેલીફોનીક વાતચીતમાં જણાવેલ.

શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં આવેલી વીજ ડીપીઓ જોવા જાઓ તો ખબર પડે કે કેટલી ભયજનક અવસ્થામાં આપણે વિજ તંત્રની ઢીલી નિતીને લઈને જીવી રહ્યા છે. વિજ કંપનીના પશ્ચિમ રેલવે લાઈનથી ઢુંઢિયાવાડી લાઈન તરફ ડીવીઝનના અધિકારી વી.આર. પટેલને પુછતા તેમણે જણાવેલ કે હાઈવેના વિસ્તાર સાથે કૃષિ સિંચાઈની ડીપીઓનો સમાવેશ થાય છે. અંદાજે ૨૫૦ થી વધુ ડીપી આ વિસ્તારમાં શહેરમાં છે. જેમાં ફેન્સીંગ કામ કરેલી કેટલી તે પુછતા કોઈ ચોક્કસ આંકડો આપી ના શકતા પટેલે જણાવેલ કે અંદાજે ૧૦૦ ની આસપાસ ડીપી ફેન્સીંગ છે.

# પાલનપુરમાં રેલ રોકો આંદોલન કરનાર યુવા ભાજપના ૧૧ કાર્યકરોને ફટકારાયો ૧૪ હજારનો દંડ

પાલનપુર, તા. ૧૨


તાજેતરમાં બનાસકાંઠા જિલ્લા ભાજપ આયોજીત રેલ રોકો આંદોલનમાં જમ્મુતાવી ટ્રેનને રોકવાની ગુસ્તાખી કરનાર યુવા ભાજપ પ્રમુખ હરેશ ચૌધરી સહિત અગિયાર કાર્યકરોની આર.પી.એફે. અટકાયત કર્યા બાદ આજે કુલ રૂ. ૧૪,૩૦૦નો દંડ વસુલ કરતા જિલ્લા ભાજપમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સરહદી બનાસકાંઠા જિલ્લાને રેલતંત્ર દ્વારા હળાહળ અન્યાય કરવામાં આવતો હોઈ રેલવેના વિવિધ પડતર પ્રશ્નોને લઈ જિલ્લાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે ત્યારે પ્રજાના આ પ્રાણ પ્રશ્નોને વાચા આપવા જિલ્લા ભાજપ દ્વારા તા. ૨૩-૯-૧૨ના રોજ પાલનપુર માનસરોવર ફાટક નજીક સત્યાગ્રહ આંદોલન યોજવામાં આવ્યું હતું. જેમાં યુવા ભાજપના કાર્યકરોએ આર.ટી.ઓ. કચેરી નજીક જમ્મુતાવી ટ્રેન રોકતા ભાજપનો સત્યાગ્રહ રેલ રોકો આંદોલન ફેરવાયો હતો. જેના કારણે તંગદીલી ફેલાઈ જવા પામી હતી. અને મામલો થાળે પાડવા દોડી આવેલ રેલવે અધિકારીઓએ માનસરોવર ફાટક નજીક ઓવરબ્રીજ બાંધવાની ખાત્રી આપી હતી. તેમજ રેલ રોકો મામલે યુવા કાર્યકરો ઉપર ફરિયાદ ન કરવાની ખાત્રી આપતા ભાજપનું આંદોલન સમેટી લેવાયું હતું. જો કે ભાજપના રેલ રોકો આંદોલનના એક સપ્તાહ બાદ આજે રેલવે પોલીસ દ્વારા જમ્મુતાવી ટ્રેન રોકવા બદલ ભાજપ પ્રમુખ હરેશ ચૌધરી, કૃણાલ ભટ્ટ, મહેશ પટેલ, અશ્વિન પ્રજાપતિ, અશોક સુથાર, નાગજી દેસાઈ, ધવલ માળી સહિત ૧૧ કાર્યકરોની અચકાત કરી તેમની વિરૂદ્ધ ધોરણસરની તપાસ હાથ ધરતા ભાજપના યુવા કાર્યકરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

## ઈસ્લામ ધર્મને અપમાનિત કરતી ફિલ્મ સામે પાલનપુરમાં આવેદનપત્ર પાઠવતું જમીયત ઉલેમા બનાસકાંઠા

ઈસ્લામ ધર્મને અપમાનીત કરતી અમેરિકન ફિલ્મે વિશ્વભરમાં ભારે વિવાદ સર્જ્યો છે. ત્યારે આ ફિલ્મના પ્રસારણનો ઠેરઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે તેમ છતાં આજે પણ આ વિદેશી ફિલ્મ યુ-ટ્યુબ ઉપર ચાલતી હોઈ તેને યુ-ટ્યુબ ઉપરથી હટાવી લેવા બનાસકાંઠા જિલ્લા જમીયત ઉલમા દ્વારા આજે નાયબ નિવાસી કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. ઈસ્લામધર્મના સન્માનિય હઝરત મોહમંદ સ.અ.વ.ને અપમાનીત કરતી એક ફિલ્મ તાજેતરમાં અમેરિકામાં રજુ થઈ હતી. જો કે આ ફિલ્મનો વિશ્વભરમાં ઉગ્ર વિરોધ થતા તેનું સિનેમાઘરોમાં પ્રસારણ અટકાવવામાં આવ્યું હતું. મુસ્લિમ લાગણીને દુભાવતી આ ફિલ્મ યુ-ટ્યુબ-ગુગલ ઉપર લોકોની આસ્થાને ઠેસ પહોંચાડતી હોઈ આજે બનાસકાંઠા જિલ્લા જમીયત ઉલમાએ હિન્દના પ્રતિનિધી મંડળે નાયબ નિવાસી કલેક્ટર સુધીર પટેલને આવેદનપત્ર પાઠવી આ બાબતે ઘટતી કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ પ્રસંગે જિલ્લા જમીયતન ઉલમાના પ્રમુખ મૌલાના અબ્દુલ કુદુસ સાહેબ, જનરલ સેક્રેટરી અતિ કુરેહમાન કુરેશી, હાજી ઉમંરભાઈ સાજી, મૌલાના અબ્દુલરસિક ધધા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાટણમાં રિક્ષાચાલકો અચોકકસ મુદતની હડતાલ પર : રિક્ષાના પૈડા થંભ્યા

## સી.એન.જી. રીક્ષાચાલકોએ કલેકટરને આવેદનપત્ર અપાયું




પાટણ, તા.૧૨

પાટણ શહેરમાં આવેલ સી.એન.જી. ગેસ સ્ટેશન પરથી ઓછો ગેસ મળતો હોવાની ફરીયાદના પગલે પાટણ શહેર જિલ્લા રીક્ષા એસોસીએશન દ્વારા અચોકકસ મુદતની હડતાલ પાડી રેલી યોજી હતી અને કલેકટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ પાટણ શહેરમાં આવેલ સી.એન.જી. ગેસ સ્ટેશન પર છેલ્લા ઘણા સમયથી ઓછા પ્રેશરથી ગેસ મળતો હોવાની ફરિયાદ ઉવા પામી હતી. જેને પગલે પાટણ શહેર જિલ્લા રીક્ષા એસોસીએશન દ્વારા જણાવાયું છે કે પાટણ શહેરમાં એક જ ગેસ સ્ટેશન છે. જયારે ઊંઝા શહેરમાં ત્રણ ગેસ સ્ટેશનો આવેલા છે. પાટણમાં એક ગેસ સ્ટેશન હોવાથી રિક્ષાઓ તેમજ ગાડીઓ વાળા પુરાવા આવતા હોવાથી લાંબી લાઈનો લાગે છે અને કલાકો સુધી ઉભા રહી સમયની બરબાદી થાય છે.

રિક્ષા ચાલકો ગેસ ભરાવે તો ૫૦ થી ૬૦નું પ્રેશર આવે છે. જેને વધારી ૨૦૦ જેટલું પ્રેશર આવે તેમ ઈચ્છે છે. જે પંપ છે તે પણ બુસ્ટર વગરનો છે. જેથી રિક્ષા ચાલકોએ ગેસ સ્ટેશન વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી રેલી કાઢી હતી અને કલેકટરને આવેદનપત્ર સુપરત કરી અમુદતની હડતાલ પર ઉતરી ગયા હતા. અચાનક રિક્ષા ચાલકોની હડતાલથી પાટણ શહેરના નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

# પાલનપુરમાં હલકી ગુણવત્તાની પેપ્સી બનાવનાર વેપારીને ૧ વર્ષની કેદ ફટકારતી નામદાર કોર્ટ

પાલનપુર, તા. ૧૨

નિર્દોષ નાના ભુલકાંઓ અને મોટા વ્યક્તિઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતાં નજીવી કમાણીના સ્વાર્થ ખાતર ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા એક વેપારી સામે સને ૨૦૦૬માં થયેલ કેસમાં આજે કેસ ચાલતા નામદાર કોર્ટે પાલનપુરના વેપારીને કેદ અને દંડની સજા ફટકારતાં ભેળસેળીયા વેપારીઓમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરના આબુ હાઈવે ઉપર ટર્નીંગ પોઈન્ટ કોમ્પ્લેક્ષ પારપડા રોડ હાઈવે પર મે. ક્રિષ્ટના એન્ટરપ્રાઈઝ નામની પેઢી પર તા. ૨૧-૪-૨૦૦૬ના રોજ આ જગ્યાએ પ્લાસ્ટીકની અંદર પેપ્સી તરીકે બાળકોમાં પીવાતા ઠંડા પીણામાં ભેળસેળની ફરિયાદના આધારે પાલનપુર ફુડ ઈન્સ. તત્કાલીન ક્રિશ્ચિયને ઉપરોક્ત સ્થળે પેપ્સીના નમુના લેવા દરોડો પાડેલ. તે મીસ બ્રાન્ડેડ હોવાનું અને પેઢી પરવાનો ધરાવતી ના હોવાનું જણાવેલ.

આ પેપ્સીના નમુનાની તપાસ કરવા સેમ્પલ વડોદરા ખાતે લેબોરેટરીમાં મોકલતા પ્રિન્સજાબો નામવાળી પેપ્સી ભેળસેળ અને ઉતરતી ગુણવત્તાવાળી અને ખઆંડની જગ્યાએ આર્ટીફીશીયલ સ્વીટનર્સ સેકરીન અને ડ્યુલસીનની હાજરી પેપ્સી બનાવટમાં હોવાનો લેબનો રીપોર્ટ આવેલ. આ અંગેનો કેસ પાલનપુરની ચીફ જ્યુ. મેજી. શ્રી બી.એસ. પરમારની કોર્ટમાં ક્રિમી કેસં. ૪૪૦૦/૦૬ થી દાખલ થયેલ જે કેસમાં સરકાર તરફે મદદનીશ સરકારી વકીલ કલ્પેશકુમાર સી. રાવલે કરેલ ધારદાર દલીલો અને પુરાવાના આધારે ગત તા. ૧૧-૧૦-૧૨ના રોજ ના. કોર્ટે આરોપી મુકેશ ઠાકોરલાલ ઠક્કરને ધી પ્રિવેન્સન ઓફ ફુડ એલ્ડટ્રેશન એક્ટ ૧૯૫૪ની ક.૭(૧)(૫) ના ભંગ બદલ એક વર્ષની સાદી કેદ અને રૂ. ૫ હજારનો દંડ ફટાકારવાનો હુકમ કરતા શહેરના ભેળસેળીયા તત્વોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

## જાહેર નિવિદા નં. ૧ સને ૨૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૫, નિર્માણભવન, પાંચમો માળ, ગાંધીનગર પીનકોન નં. ૩૮૨૦૧૦ ફોન નં. ૨૩૨ ૫૬૦૩૧ દ્વારા ગાંધીનગર ખાતે સરદાર ભવન બ્લોક નં. ૯ અને ૧૦માં રીપેરીંગના કુલ-૨ કામો જેની અંદાજી કિંમત રૂ. ૦.૯૨ થી ૧.૦૦ લાખ વચ્ચેના છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ગાંધીનગર જિલ્લામાં ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૮-૧૦-૧૨ છે અને પરત સ્વીકારવાની તા. ૨૫-૧૦-૨૦૧૨ છે.

વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર પર જોવા મળશે. આ અંગે વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

માહિતી/૧૬૬૩/૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601